જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૨/૨૦૧૮ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૪૧૫/૧૮

## ગીતામંદીર બસ સ્ટેન્ડ બસમાંથી મળી આવેલ રોકડા રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- ની બેગ મુળમાલિકને શોધી પૈસા પરત આપી પ્રશંસનિય કામગીરી કરતી કાગડાપીઠ પોલીસ

આજ રોજ કાગડાપીઠ પો.સ્ટેશન ટુ ગાડીને તા.૧૨/૧૨/૧૮ ના કલાક. ૦૭/૫૬ વાગ્યાનો કંટ્રોલનો મેસેજ મળેલ કે "કેસ નં.૧૩૮૪૫૩ અમદાવાદ ગીતામંદીર કેશ ઓફીસ નામ રણજીતસિંહ જણાવે છે ડેપોમાંથી થેલો મળી આવેલ છે જેમા કપડા તથા રોકડા રકમ વિગેરે છે." જે મેસેજ આધારે જઇ તપાસ કરતા થેલામાંથી રોકડા રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- મળી આવેલ. જેથી થેલાના માલિક બાબતે તપાસ કરી કરાવતા થેલાના માલિક રાજેંદ્રભાઇ મફતલાલ પ્રજાપતિ ઉવ.૪૦ રહે, ગામ, દેનપ તા, વિસનગર જી, મહેસાણા નાઓ મળી આવેલ જેઓની થેલા તથા પૈસા સંબંધે પુછ પરછ કરતા પોતાનો હોવાનુ જણાવેલ અને પોતે પૈસા લઇ ભાવનગરથી પોતાના વતનમાં જતા હતા દરમ્યાન અમદાવાદ ગીતામંદીર બસ સ્ટેન્ડથી મહેસાણાની બસમાં બેસી થેલો શીટમાં મુકી બાજુમાં બેઠેલ ઇસમને થેલો સાચવવાનુ કહી પેશાબ કરવા ગયેલ અને પરત આવી જોયેલ તો બસ ઉપડી ગયેલ હોય અને થેલો ગુમ થઇ ગયેલાની વિગેરે મતલબની હકીકત જણાવતા હોય જેથી થેલામાં રહેલ પૈસા અંગેના જરુરી આધાર પુરાવા (બેંક સ્ટેસ્ટમેંટની નકલ) મેળવી તેઓના રોકડા રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- તેઓને સહી સલામત રીતે પરત સોંપી કાગડાપીઠ પોલીસ સ્ટેશનના માણસોએ પ્રશંસનીય કામગીરી કરેલ છે.



## ચેઇન સ્નેચીંગના બે ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી સોલા હાઇકોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા આરોપીઓને પકડા સારૂ ડ્રાઇવ રાખેલ હોય મે. સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા મે. નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગ દર્શન આધારે પો.ઇન્સ. શ્રી ડી.એચ. ગઢવી સાહેબ નાઓએ અમોને સુચના આપેલ હોય સોલા હાઇકોર્ટ પો.સ્ટે. ના ચેઇન સ્નેચીંગના ગુના ફ.ગુ.ર.નં.૧૯૫/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ તથા ફ.ગુ.ર.નં. ૨૨૦/૨૦૪૧૮ ઇ.પી.કો કલમ ૩૯૨,૧૧૪ મા નાસતો ફરતો આરોપી <u>સાગર સ/ઓ દશરથજી નાથાજી ઠાકોર ઉ.વ. ૨૧ રહે. ગામ લાકરોડા તા.મણસા જિ. ગાંધીનગર</u> વાળાને પકડી પાડવા સારૂ અમો અમો પો.સ.ઇ. ડી.આર.રાઠોડ તથા થલતેજ પોલીસ ચોકી ખાતેના સ્ટાફના માણસો હે.કો. રઘુવીરસિંહ પ્રતાપસિંહ બ.નં.૪૦૬૭ તથા પો.કો. જયસુખભાઇ બીજલભાઇ બ.નં. ૪૯૩૮ તથા લોક રક્ષક વાલજીભાઇ ભોપાભાઇ બ.નં.૧૫૨૧ તથા બીજા સ્ટાફના માણસો સદર આરોપીની તપાસ/વોચમાં હોય સદર આરોપી આજરોજ મીરઝાપુર કોર્ટ ખાતે તેના વકીલને મળવા સારૂ આવવાની બાતમી હકીક્ત મળેલ હોય જે આધારે અમો ઉપરોક્ત સ્ટાફના માણસો સાથે મીરઝાપુર કોર્ટની બહાર વોચમાં હતાં દરમ્યાન સદર આરોપી આવતા તેને પકડી લઇ અત્રે પોલીસ સ્ટેશન ખાતે લાવી સોલા હાઇકોર્ટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૯૫/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ તથા ફ.ગુ.ર.નં. ૨૨૦/૨૦૪૧૮ ઇ.પી.કો કલમ ૩૯૨,૧૧૪ મુજબના ગુનામાં અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## <u>સરદારનગર પોલીસ સ્ટેશન</u>

અધિક પોલીસ કમીશ્નર સાહેબ શ્રી સેકટર-૦૨,અમદાવાદ શહેર નાઓ તરફ થી નાસતા ફરતા આરોપીઓ પકડવા ની ઝુંબેશ રાખવા માં આવેલ જે ઝુંબેશ અનુસંધાને નાયબ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી ઝોન-૦૪,અમદાવાદ શહેર તથા મ પો કમી શ્રી જી ડીવીજન સાહેબ,અમદાવાદ શહેર નાઓ ની સુચના અને માર્ગદર્શન હેઠળ આર.એન.વિરાણી,પોલીસ ઇન્સપેકટર સાહેબ તથા પો.સબ.ઇન્સ જે કે બ્રહ્મભટ્ટ સાહેબ નાઓ ની બાતમી હકીકત આધારે બીજા સાથે ના સ્ટાફ માણસો સરદારનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુર નંબર-૦૪/૨૦૧૬ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦, ૪૬૭ ,૪૬૮,૪૭૧,૧૨૦(બી), તથા ભારતીય પાસપોર્ટ ધારા કલમ ૧૨(બી) મુજબ ના ગુન્હા ના કામ માં નાસતો ફરતો આરોપી નામે આત્મારામ મણીલાલ પટેલ રહેવાસી-એ/૪૨,રંગસાગર ટેનામેન્ટ, કુષ્ણનગર ,સરદારચોક ,કુષ્ણનગર ,અમદાવાદ શહેર નાનો જે તેના ઘરે આવવા નો છે. જે હ્કીકત આધારે સદર ઇસમ ને વોચ માં રહી પકડી લીધેલ અને સદરી ઇસમ નું નામ ઠામ પુછતા પોતે પોત નું નામ આત્મારામ મણીલાલ પટેલ ઉ.વ-૬૮ ધંધો-નિવૃત રહેવાસી-એ/૪૨,રંગસાગર ટેનામેન્ટ, કુષ્ણનગર ,સરદારચોક ,કુષ્ણનગર ,અમદાવાદ શહેર મુળ વતન ગામ વડપુરા તા કડી જી-મહેસાણા નાનો હોવા નું જણાવેલ હોય જેથી સદરી ઇસમ ને ઉપરોક્ત ગુન્હા ના કામ માં આજરોજ તારીખ-૧૩/૧૨/૨૦૧૮ ના કલાક ૧૭/૧૫ વાગે પકડી અટક કરી કયદેસર ની કાર્યવાહી કરવા માં આવેલ હોય જે પ્રસંસનીય કામગીરી કરવા માં આવેલ છે.તારીખ-૧૩/૧૨/૨૦૧૮

## નિકોલ પોલીસ સ્ટેશનના નાસતા ફરતા આરોપીને પકડી કરેલ સારી કામગીરી

ના.પો.કમિશ્રી ઝોન-૫ સાહેબ નાઓની સુચનાથી નાસતા ફરતા આરોપી પકડવાની ડ્રાઇવ રાખેલ હોય અને નાસતા ફરતા સ્કોડ દ્વારા આરોપી પકડવા આજરોજ પો.સબ.ઈન્સ. ડી.આઇ.સોલંકી તથા પો.કો.મહેન્દ્રસિંહ જગતસિંહ બ.નં.૫૮૧૭ તથા એલ.આર. જીગ્નેશભાઇ દીનેશભાઇ બ.નં.૧૫૧૧ તથા પો.કો. રાજેંદ્રસિંહ જબ્બારસિંહ બ.નં.૩૧૬૧ તથા પો.કો. મોહંમદનઇમ નબીમીયા બ.નં. તથા પો.કો. ધનંજયભાઇ શ્રીચુન્નુ બ.નં.૯૭૮૫ તથા પો.કો ભાગ્યદીપસિંહ વિક્રમસિંહ નાઓ સાથે ઝોન-૫ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૦/૦૦ વાગ્યે અજીતમીલ ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કો. ધનંજયભાઇ શ્રીચુન્નુ તથા પો.કો. રાજેંદ્રસિંહ જબ્બારસિંહ નાઓની બાતમી હકીકત આધારે નિકોલ પોલીસ સ્ટેશનના પ્રોહી ગુ.ર.નં.૫૧૨૨/૨૦૧૮ ધી પ્રોહી એકટ કલમ ૬૬ (બી) ૬૫ (એ) ઇ ૧૧૬ (બી) ૬૫ ઇ, ૯૮ (૨) મુજબના કામનો વોન્ટેડ આરોપી મોઇન હબીબભાઇ શેખ રહે. ખ્વાજા ગરીબ નવાજ સોસાયટી અજીતમીલ રખિયાલ અમદાવાદ શહેરનો સોમા ટેક્ષટાઇલ મીલ તરફથી ચાલતો આવી અત્રે થઈ સોનીની ચાલી તરફ જવાનો છે જે બાતમી આધારે ઉપરોકત ઇસમ પગે ચાલતો આવતો જણાતા જેને રોકી લઇ સદરીનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ મોઇન હબીબભાઇ જાતે શેખ ઉવ.૧૯ રહે. બ્લોક નં.૮ ઘર નં.૨૫૫ ખ્વાજા ગરીબ નવાજ કો.ઓ. સોસાયટી, અજીતમીલ મીલ ચાર રસ્તા પાસે રખિયાલ અમદાવાદ શહેરનો હોવાનુ જણાવેલ જેની પુછપરછ કરતા પોતે સને-૨૦૧૮ ના વર્ષમાં નિકોલ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૧૨૨/૨૦૧૮ ધી પ્રોહી એકટ કલમ ૬૬ (બી) ૬૫ (એ) ઇ ૧૧૬ (બી) ૬૫ ઇ, ૯૮ (૨) મુજબના ગુનામાં વોંટેડ હોવાનુ જણાવતા જેથી સદરી આરોપીનુ ચહેરા નિશાન પત્રક એરેસ્ટ મેમો ભરી આજરોજ તા:૧૪/૧૨/૨૦૧૮ ના કલાક ૧૧/૧૫ વાગ્યે સીઆરપીસી કલમ ૪૧(૧)(આઇ) મુજબ અટક કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે. અને નિકોલ પોલીસ સ્ટેશન ખાતે વર્ધી લખાવી આરોપી તથા કાગળો મેળવી લેવા જાણ કરવામાં આવેલ છે.

## નાસ્તા ફરતા આરોપીને ઝડપી પાડતી નિકોલ પોલીસ તા:૧૩/૧૨/૧૮

---

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાનાઓ તરફથી નાસ્તા ફરતા આરોપીઓ શોધી કાઢવા અંગે રાખેલ ડ્રાઇવ અનુંસધાને મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા તથા મે. મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન અમદાવાદ શહેરનાઓના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નિકોલ પોલીસ સ્ટેશનનાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોડના ઇન્ચાર્જ પો.સ.ઇ.શ્રી એચ.વી.છાસટીયા તથા મ.સ.ઇ રાજેન્દ્રસિંહ જશવંતસિંહ તથા પો.કો કપિલકુમાર કાંતીભાઇ તથા પો.કો મહાવીરસિંહ સાહેબસિંહ તથા બીજા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર ખાતે નાસતા ફરતા આરોપીઓ પકડવા માટેની ડ્રાઇવ રાખેલ હોય દરમ્યાન ખંભાત ગ્રામ્ય પોલીસ સ્ટેશન સેકન્ડ.ગુ.ર.નં-૩૦૩૯/૧૫ ઇ.પી.કો કલમ-૧૮૨,૧૮૬ મુજબના કામે નાસતો ફરતો વિજયભાઇ હરીશભાઇ ઠાકોર રહે-રાયપુર રૂઘનાથપુરાની પીઠ ખાડિયા અમદાવાદ શહેરનાનો સદર આરોપીની તપાસ દરમ્યાન મળી આવેલ હોય નિકોલ પો.સ્ટેશન ખાતે લાવી પુછપરછ કરી ખંભાત ગ્રામ્ય પોલીસ સ્ટેશન ખાતે જાણ કરી આ કામે પકડાયેલ આરોપી વિજયભાઇ હરીશભાઇ ઠાકોર નાને તા:૧૩/૧૨/૧૮ ના કલાક-૧૨/૪૫ વાગે સી.આર.પી.સી-૪૧(૧)(આઇ) મુજબ પકડી અટક કરી ખંભાત ગ્રામ્ય પોલીસ સ્ટેશનના મ.સ.ઇ રણછોડભાઇ ગભુભાઇ બ.નં-૧૧૭૪ નાઓને જરૂરી પોલીસ જાપ્તા હેઠળ સોપી કાયદેસરની કાર્યવાહી કરેલ છે

## મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમાં ભારતીય બનાવટ નો પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડતી મેઘાણીનગર પોલીસ.

ના.પો.ક.મી.શ્રી ઝોન- સાહેબ નાઓની સુચનાથી તથા મ.પો.ક.મી.શ્રી જી ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેક્ટરશ્રી મેઘાણીનગર નાઓ સાથે સર્વેલન્સ પો.સ.ઈ વી.એસ.સિંધવ નાઓ તથા મ.સ.ઇ દિલીપકુમાર ઇશ્વરભાઇ બ.નં ૭૬૨૦ તથા મ.સ.ઇ.દિનેશકુમાર મીઠાલાલ બ.નં.૭૬૧૧ તથા પો.કો.સંદિપભાઇ મંગાભાઇ બ.નં.૩૬૮૯ તથા એલ.આર.કિરણસિંહ ગોપાલસિહ બ.નં.૧૨૪ નાઓ મેઘાણીનગર સ્ટેશન વિસ્તારમા પ્રોહીબિશન તથા જુગારની સબંધી ગુનાઓ અટકાવવા સારુ તથા શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમા હતા દરમીયાન ફરતા ફરતા તા-૧૧/૧૨/૨૦૧૮ ના કલાક-૨૨/30 વાગે મેઘાણીનગર ચમનપુરા સર્કલ પાસે સાથેના પો.કો.સંદિપભાઇ મંગાભાઇ તથા હે.કો દિલીપકુમાર ઇશ્વરભાઇ નાઓની બાતમી હકીકત આધારે એક ઓટો રીક્ષા નં- જીજે.-૦૧-ડીએક્ષ-૫૧૩૮ નો ચાલક તથા પ્રોહી બુટલેગર મદન શીવાજી ભાટ રહે પોપટ્લાલ અત્મારામની ચાલી ચમનપુરા અમદાવાદ નાનો રીક્ષા ની અંદર ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂ નો જથ્થો બોટલ નંગ ૪૮ કિ.રૂ. ૨૮,૮૦૦/- તથા ઓટોરીક્ષા કી.રૂ ૮૫,૦૦૦/- ની મતાની કુલ્લે કી રૂ ૧,૧૩,૮૦૦/- ની રેઢી મુકી રીક્ષાચાલક તથા મદન શીવાજી ભાટ નો ભાગી ગયેલ જે બાબતે સદરી બન્ને ઈસમો વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહી કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ).૧૧૬(બી).૮૧.૯૮(૨). મુજબ નો ગુનો રજીસ્ટર કરી કાયદેસર કાર્યવાહી કરી પ્રશંસનીય કામગિરી કરેલ છે,અને હાલ તપાસ જારી છે.

**ઓઢવ પોલીસ સ્ટેશન**

મે.ડી.જી.પી સાહેબશ્રી ગુ.રા ગાંધીનગરનાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા રાખવામા આવેલ ડ્રાઇવ અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી ડો. હર્ષદ પટેલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સાહેબ નાઓની સુચના થી અમો ઓઢવ પોલીસ ઈન્સપેક્ટર આર.જી.જાડેજા નાઓનીસુચના અને માર્ગદર્શન આધારે ઓઢવ પો.સ્ટેશનના પો.સ.ઇશ્રી પી.કે.મકવાણા તથા મ.સ.ઇ આર.સી.રાઠવા બ.નં.૬૭૬ તથા પો.કો જયપાલસિંહ પ્રવિણસિંહ બ.નં.૭૪૩૯ તથા પો.કો રાજેશભાઇ રમેશભાઇ બ.નં.૬૭૭૯ તથા પો.કો કિરીટસિંહ ગણપતસિંહ બ.નં.૩૨૮૨ તથા અ.લો.ર અશ્વીન અંબાશંકર બ.નં.૧૨૯૨૪ નાઓ નાસતા ફરતા આરોપીઓને પકડવા કાર્યરત હતા તે દરમ્યાન પો.સ.ઇ પી.કે.મકવાણા તથા પો.કો જયપાલસિંહ પ્રવિણસિંહ બ.નં.૭૪૩૯ નાઓને બાતમીદારથી મળેલ સંયુક્ત બાતમી આધારે *ઓઢવ પોસ્ટે પ્રોહિ ગુ.ર નં ૫૦૮૩/૧૮ ધી પ્રોહિ કલમ ૬૬(બી), ૬૫(ઇ), ૮૧, ૯૮(૨)* મા છેલ્લા નવ માસથી નાસતા ફરતા આરોપી છત્રસિંહ ઉર્ફે સતિશ પ્રભાતસિંહ ડાભી, ઉ.વ.30 રહે-ગામ-કાકરખડ નીશાળ વાળુ ફલીયુ તા- કઠલાલ જી- ખેડાનાઓને આજરોજ તારીખ.૧૪/૧૨/૨૦૧૮ ના કલાક- ૦૮/૩૫ વાગ્યે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહિ કરવામાં આવેલ છે. તા.૧૪/૧૨/૧૮.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.